TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ પાંચમ શુક્રવાર ૧૯ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૨

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# યુએસ-ઈરાન ઐતિહાસિક શાંતિ કરાર

**ફ્રાન્સના** વર્સેલ્સ મહેલમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે કરારના પત્ર પર હસ્તાક્ષર કર્યા

**બુધવારે** મોડી રાત્રે ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને પણ હસ્તાક્ષર કર્યા

**ઈરાન** પરથી પ્રતિબંધો હટ્યા, મુક્તપણે તેલ વેચવાની મળી મંજૂરી; વૈશ્વિક સ્તરે મોટી રાહત

**અગાઉ** નક્કી કરાયેલ સ્વીઝર્લેન્ડમાંના શુક્રવારના હસ્તાક્ષર સમારંભ અંગે અનિશ્ચિતતા

**વોશિંગ્ટન, તા. 18 :** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ઈરાન સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં તેહરાનને તેના અત્યંત સંવર્ધિત યુરેનિયમના ભંડારને પાતળો કરવા માટે કહેવામાં આવ્યું છે અને દેશ પરના અમેરિકા સમર્થિત પ્રતિબંધોને માફ કરવામાં આવ્યા છે, જેથી ઈરાનને મુક્તપણે તેનું તેલ વેચવાની તાત્કાલિક મંજૂરી મળશે, જે વોશિંગ્ટન તરફથી એક મોટી રાહત છે, એમ બંને દેશો દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર જાણવા મળ્યું છે. યુદ્ધનો અંત લાવવાનો આ પ્રારંભિક કરાર બંને દેશોના નેતાઓએ તેના પર હસ્તાક્ષર કર્યા

...અનુસંધાન પાના 15 પર





## ટ્રમ્પે બૂમ પાડીને કહ્યું: હસ્તાક્ષર થઇ ગયા

હસ્તાક્ષર કરીને પ્રમુખ ટ્રમ્પ ફ્રેન્ચ પ્રમુખ મેક્રોનની સાથે વર્સાય પેલેસની બહાર નિકળતા એક પત્રકાર તેમને કરાર અંગ પૂછ્યું તો ટ્રમ્પે બૂમ પાડીને કહ્યું કે સહી થઇ ગઇ.

## હોર્મુઝમાંથી જહાજોની અવરજવર શરૂ થઇ ગઇ

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર થયા બાદહોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર ઝડપી બની છે. સાઉદી અરેબિયાના ધ્વજવાળા ત્રણ મોટા ઓઇલ ટેન્કરો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ ચૂક્યા છે. અલ જઝીરાના જણાવ્યા અનુસાર, આ સુપરટેન્કરોમાં આશરે ૬૦ લાખ બેરલ ક્રૂડ ઓઇલ ભરેલું હતું. આ સાથે જ મરીનટ્રાફિકના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના

...અનુસંધાન પાના 15 પર

## જ્યાં હસ્તાક્ષર થયા તે વર્સાય પેલેસ વિશે જાણવા જેવું

ફ્રાન્સની રાજધાની પેરિસ નજીક આવેલો વર્સાય પેલેસ, જેને વર્સેલ્સ પેલેસ પણ કહેવાય છે તે વિશ્વના સૌથી પ્રખ્યાત રાજમહેલોમાં ગણાય છે. તેની શરૂઆત 1623માં રાજા લુઈ 13માના એક નાના શિકાર લોજ તરીકે થઈ હતી, પરંતુ પાછળથી તેમના પુત્ર લુઈ 14માએ તેને એક ભવ્ય શાહી મહેલમાં ફેરવી દીધો. 1682માં લુઈ 14માએ ફ્રાન્સનું શાહી દરબાર અને સરકાર પેરિસથી વર્સાય ટ્રાન્સફર

...અનુસંધાન પાના 15 પર

## કરારના મુખ્ય મુદ્દાઓ (અમેરિકી મીડિયા CNN અનુસાર)

01. ઈરાન 30 દિવસમાં હોર્મુઝમાં વ્યાપારી જહાજોની અવરજવર સામાન્ય કરશે.
02. અમેરિકા દરિયાઈ નાકાબંધી હટાવીને 30 દિવસમાં સામાન્ય અવરજવર પુન:સ્થાપિત કરશે.
03. ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર નહીં બનાવે.
04. અમેરિકા અને તેના સહયોગી દેશો ઈરાનના પુન:નિર્માણ માટે 300 અબજ ડોલરનું ફંડ બનાવશે.
05. અમેરિકા ઈરાની તેલ, પેટ્રોકેમિકલ ઉત્પાદનો અને સંબંધિત સેવાઓમાં છૂટછાટ આપશે.
06. અમેરિકા, ઈરાન પરથી સંયુક્ત રાષ્ટ્ર (UN), IAEA અને પોતાના પ્રતિબંધો હટાવવાની દિશામાં કામ કરશે.
07. ઈરાનની ફ્રીઝ (જપ્ત) થયેલી સંપત્તિ અને ભંડોળ મુક્ત કરવામાં આવશે.
08. એકબીજાની સાર્વભૌમત્વનું સન્માન કરશે અને આંતરિક બાબતોમાં દખલગીરી નહીં કરે.
09. તમામ મોરચે યુદ્ધનો અંત લાવશે. સૈન્ય કાર્યવાહી નહીં કરે.
10. અંતિમ કરાર સુધી ઈરાન પરમાણુ કાર્યક્રમમાં કોઈ ફેરફાર

...અનુસંધાન પાના 15 પર



મોસ્કોની મુખ્ય ઓઇલ રિફાઇનરી ધમરોળી

## યુક્રેનનો રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો

**એરપોર્ટ** પર ફલાઇટ્સ ખોરવાઈ: ઝેલેન્સ્કીને G7 સમિટમાંથી મળ્યું મોટું સમર્થન

**મોસ્કો, તા. 18 (PTI).** યુક્રેને એક સપ્તાહમાં બીજી વખત મોસ્કોની મુખ્ય ઓઇલ રિફાઇનરીને નિશાન બનાવી હતી અને શહેરના એરપોર્ટ પરથી કોમર્શિયલ ફલાઇટ્સ ખોરવી નાખી છે. ચાર વર્ષ કરતાં વધુ સમયથી ચાલી રહેલા પડોશી દેશ પર રશિયાના સંપૂર્ણ આક્રમણ પછીના આ સૌથી મોટા ડ્રોન હુમલાઓમાંથી એક છે. એમ રશિયન અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

આ હુમલો યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીના એ નિવેદનના કલાકો પછી થયો હતો, જેમાં તેમણે જણાવ્યું હતું કે, તેમણે યુનાઇટેડ સ્ટેટ્સ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિઓ સાથે એક મહત્ત્વપૂર્ણ સંકલન કોલ કર્યો હતો અને આ અઠવાડિયે જી૭ સમિટમાંથી વધુ સમર્થનની મુખ્ય પ્રતિબદ્ધતાઓ મેળવી છે.

ઝેલેન્સ્કી ગુરુવારે મોડી રાત્રે નાટો અને યુરોપિયન યુનિયનના નેતાઓ સાથે વાટાઘાટો માટે બ્રસેલ્સ પહોંચે તેવી અપેક્ષા હતી, જેમાં બેલિસ્ટિક મિસાઇલો સામે રક્ષણ આપવા માટે ખંડીય પ્રણાલીના સંભવિત નિર્માણ અંગેની ચર્ચાઓ પણ સામેલ છે. રશિયાએ યુક્રેન પર આ પ્રકારની મિસાઇલોથી સતત હુમલા કર્યા છે, જેનો સામનો કરવામાં એર ડિફેન્સને સંઘર્ષ કરવો પડે છે.

યુક્રેને વારંવાર રશિયાની તેલ સુવિધાઓને નિશાન બનાવી છે, જેનો હેતુ યુદ્ધ માટે મોસ્કોની આવકમાં ઘટાડો કરવાનો અને રશિયનોને આક્રમણના પરિણામોનો અહેસાસ કરાવવાનો છે. કેટલાક વિસ્તારોમાં ઇંધણની અછતના અહેવાલો મળ્યા છે.

યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ એક્સ પર જણાવ્યું હતું કે, “આજે સવારે મોસ્કોવાસીઓ દ્વારા પૂછવામાં આવતો સૌથી લોકપ્રિય પ્રશ્ન એ છે કે ‘શું ચાલી રહ્યું છે?’ હું જવાબ આપી શકું છું. તમારા દેશે અમારા દેશ સામે આક્રમક યુદ્ધ શરૂ કર્યું છે. વર્ષોથી તે અમારા લોકોને મારી રહ્યું છે. હવે જ્યારે તમે જાણો છો કે શું

...અનુસંધાન પાના 15 પર



## મધ્યસ્થી પાકિસ્તાને ગેરંટર તરીકે હસ્તાક્ષર કર્યા

**શાહબાઝે** કહ્યું કે હોર્મુઝ તરત ખૂલી જશે

**ઇસ્લામાબાદ, 18 (PTI):** પશ્ચિમ એશિયામાં શાંતિ પુન:સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય ધરાવતા ‘ઇસ્લામાબાદ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ’ પર પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે ગુરુવારે વાટાઘાટોના મુખ્ય મધ્યસ્થ તરીકે હસ્તાક્ષર કર્યા છે, તેમ તેમની કચેરીએ જણાવ્યું હતું. આ દસ્તાવેજ પર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન દ્વારા બુધવારે જ હસ્તાક્ષર કરી દેવામાં આવ્યા હતા. વોશિંગ્ટન અને તેહરાન જે કરારના બે મુખ્ય પક્ષકારો છે તે મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ પર શરીફના હસ્તાક્ષર સ્વિટ્ઝર્લેન્ડમાં યોજનારા આયોજિત સમારોહના એક દિવસ પહેલા થયા છે, જ્યાં અમેરિકા,

...અનુસંધાન પાના 15 પર





## ધર્મેન્દ્ર પ્રધાન અને નીટ વિવાદ

નીટ-યુજી પ્રશ્નપત્ર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ભલે ઘેરાયેલા હોય, પરંતુ બીજુ જનતા દળ (બીજેડી)ના રાજ્યસભા સાંસદ દેબાશીષ સામંતરાયને ભાજપમાં સામેલ કરાવીને તેઓ રાજકીય ચર્ચામાં રહ્યા છે. આ પગલાંથી મુખ્યમંત્રી મોહન ચરણ માઝી સહિત દરેક જણ અચંબિત થઈ ગયા હતા. સામંતરાય ભાજપમાં જોડાયા તેના બરાબર એક દિવસ પહેલાં જ મુખ્યમંત્રી માઝીને તાત્કાલિક દિલ્હી પહોંચવા માટે કહેવામાં આવ્યું હતું. ભાજપના શાસનની બીજી વર્ષગાંઠ પહેલાં જ પોતાને બદલવામાં આવી શકે છે તેવી અટકળોનો સામનો કરી રહેલા મુખ્યમંત્રી આનાથી સ્વાભાવિક રીતે જ ચિંતિત બની ગયા હતા. પાછળથી ખુલાસો થયો કે, આ સમગ્ર વ્યૂહરચના પાછળ પ્રધાનનો હાથ હતો, જેનાથી સંસદના ઉપલા ગૃહમાં પક્ષની સ્થિતિ મજબૂત થઈ છે. આ રાજકીય દાવપેચે ‘દિલ્હી દરબાર’માં પ્રધાનનું કદ વધાર્યું

...અનુસંધાન પાના 15 પર

તા. ૧૮-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૮° સે. | ૨૫.૪° સે. | ૬૩% |

નૈઋત્યનું ચોમાસુ દક્ષિણ મહારાષ્ટ્ર પાસે અટકી પડ્યું છે

## દેશભરમાં આ ઋતુમાં અત્યાર સુધી વરસાદની ૪૧ ટકા ઘટ

**મધ્ય** ભારતમાં તો ૬૭ ટકા જેટલો ઓછો વરસાદ

**ચોમાસાને** આગળ વધવામાં મદદરૂપ પરિબળોનો અભાવ, અલ-નીનોની મોટી અસર જણાય છે

**નવી દિલ્હી, તા. 18 (PTI):** દક્ષિણ-પશ્ચિમ(નૈઋત્ય)નું ચોમાસું દક્ષિણ મહારાષ્ટ્ર પર અટકી જવાને કારણે, ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજેતરના ડેટા અનુસાર, ૪ જૂનથી ૧૮ જૂન વચ્ચે ભારતમાં દેશવ્યાપી વરસાદમાં ૪૧ ટકાની ઘટ નોંધાઈ છે. દેશમાં ઉપરોક્ત સમયગાળા દરમિયાન સામાન્ય ૭૨.૨ મીમીની સરખામણીએ માત્ર ૪૨.૬ મીમી વરસાદ પડ્યો છે. IMDના પ્રદેશવાર વરસાદની ઘટ દર્શાવતા નકશા અનુસાર, મધ્ય ભારત, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારત, દક્ષિણ દ્વીપકલ્પ અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદની ઘટ અનુક્રમે ૬૭ ટકા, ૪૨ ટકા, ૨૨ ટકા અને ૬ ટકા રહી છે.

હવામાન વિભાગે ગુરુવારે જણાવ્યું હતું કે મોટા પાયા પર સાનુકૂળ હવામાન પરિસ્થિતિઓનો અભાવ એ મુખ્ય કારણ હતું જેના લીધે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું છેલ્લા કેટલાક દિવસોમાં મહારાષ્ટ્રના બાકીના ભાગોમાં આગળ વધવામાં નિષ્ફળ રહ્યું છે. ચોમાસાની ઉત્તર તરફની પ્રગતિ ધીમી પડવા પાછળ મુખ્ય પાંચ પરિબળો જવાબદાર છે. પ્રથમ પરિબળ એ છે કે, IMD અનુસાર, હાલના ચોમાસાના પ્રવાહમાં અરબી સમુદ્ર તરફથી મજબૂત વેગનો અભાવ છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આવા વેગ સામાન્ય રીતે ભેજ વધારવા અને વ્યાપક વરસાદ લાવવા માટે જવાબદાર હોય છે, જે ચોમાસાને આગળ વધારવામાં મદદ

...અનુસંધાન પાના 15 પર

ટેલિગ્રામ પ્રતિબંધ પર દિલ્હી હાઈકોર્ટનો સવાલ

## ‘થોડા લોકો માટે ૧૫ કરોડ યુઝર્સના અધિકારો કેમ છીનવાય?’

**નીટ-**યુજી પરીક્ષા સંદર્ભમાં સરકારે આપેલા આદેશને ટેલિગ્રામ કંપનીએ દિલ્હી હાઇકોર્ટમાં પડકાર્યો

**હાઇકોર્ટે** અરજી પર સુનાવણી કરી: ચુકાદો અનામત રાખ્યો





### એક ટેલિગ્રામ એકાઉન્ટ યુઝર ૪૦ બોટ્સ બનાવી શકે છે: સરકારની દલીલ

સોલિસિટર જનરલે મેસેજિંગ એપના ટેકનિકલ પાસાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે એક સિંગલ ટેલિગ્રામ એકાઉન્ટ યુઝર ૪૦ જેટલા બોટ્સ બનાવી શકે છે. તેમણે કહ્યું, હું માત્ર એક ઉદાહરણ આપીશ. ટેલિગ્રામમાં એક એકાઉન્ટ યુઝર ૪૦ બોટ્સ બનાવી શકે છે. જ્યારે વોટ્સએપના કિસ્સામાં, યુઝર દીઠ એક જ બોટ બની શકે છે. તેમની પાસે એવી સિસ્ટમ છે જે બહુલતાને પ્રોત્સાહન આપે છે અને ત્યારબાદ આ બોટ્સ વધુ ગુણાકાર પામીને હજી વધી શકે છે.

નવી દિલ્હી, ૧૮ જૂન(પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે ૨૧ જૂને યોજાનારી NEET-UG 2026ની ફેર પરીક્ષા પહેલાં ટેલિગ્રામ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું કે, માત્ર થોડા લોકો જ પરીક્ષા આપી રહ્યા છે તેના કારણે આ મેસેજિંગ એપના ૧૫ કરોડ વપરાશકર્તાઓના અધિકારો પર કેવી રીતે કાપ મૂકી શકાય.

...અનુસંધાન પાના 15 પર

## સ્વિસ બેંકોમાં ભારતીયોના નાણાંમાં ૮%નો ઘટાડો

**કુલ** ભંડોળ રૂ. ૩૬,૭૯૩ કરોડે પહોંચ્યું, વ્યક્તિગત ગ્રાહકોના ખાતામાં ૫૦%નો મોટો ઉછાળો, સંસ્થાકીય ભંડોળ ઘટ્યું

**નવી દિલ્હી/ઝ્યુરિચ, તા. 18 (PTI):** સ્વિટ્ઝર્લેન્ડની સેન્ટ્રલ બેંક દ્વારા ગુરુવારે જાહેર કરવામાં આવેલા વાર્ષિક આંકડા દર્શાવે છે કે, સ્થાનિક શાખાઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓ મારફતે રાખવામાં આવેલા ભંડોળમાં ઘટાડો થવાને કારણે ૨૦૨૫માં સ્વિસ બેંકોમાં જમા ભારતીય નાણાં ૮ ટકાથી વધુ ઘટીને ૩.૨૫ અબજ સ્વિસ ફ્રેંક (લગભગ રૂ. ૩૬,૭૯૩ કરોડ) થઈ ગયા છે.

જો કે, વ્યક્તિગત અને સંસ્થાકીય ગ્રાહકોના ખાતામાં રહેલા નાણાં વર્ષ દરમિયાન ૫૦ ટકાથી વધુના તીવ્ર ઉછાળા સાથે ૫૨૪ મિલિયન સ્વિસ ફ્રેંક (લગભગ રૂ. ૬,૦૦૦ કરોડ) થયા છે, જો કે તે કુલ ભંડોળના માત્ર ૧૬ ટકા જેટલા જ છે. કુલ ભંડોળનો મોટો હિસ્સો ‘બેંકોને ચૂકવવાપાત્ર રકમ’ અથવા અન્ય બેંકિંગ અને નાણાકીય સંસ્થાઓ દ્વારા રાખવામાં આવેલા ભંડોળના સ્વરૂપમાં હતો, જે વર્ષ દરમિયાન લગભગ ૧૫ ટકાના

...અનુસંધાન પાના 15 પર

### સ્વિસ બેંકમાં નાણાની બાબતમાં યુ.કે. ટોચ પર

સ્વિસ બેંકોમાં વિદેશી ગ્રાહકોના નાણાંની બાબતમાં યુકે (UK) ૧૯૨ અબજ સીએચએફ સાથે ચાર્ટમાં ટોચ પર છે, ત્યારબાદ બીજા સ્થાને અમેરિકા (૭૫ અબજ સીએચએફ) અને ત્રીજા સ્થાને ફ્રાન્સ (૬૩ અબજ સીએચએફ) છે. આ ત્રણ દેશો પછી ટોચના ૧૦ દેશોમાં વેસ્ટ ઈન્ડિઝ, જર્મની, હોંગકોંગ, સિંગાપોર, લક્ઝમબર્ગ, યુએઈ (UAE) અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે. ભારત ૨૦૨૪ના અંતમાં ૪૮મા સ્થાનેથી આગળ વધીને ૪૬મા સ્થાને પહોંચ્યું

...અનુસંધાન પાના 15 પર

## લોકસભા, વિધાનસભાની ચૂંટણીઓમાં મહિલા ઉમેદવારોનું પ્રમાણ માત્ર ૧૦ ટકા

**મહિલા** અનામતની વાતો કરતા રાજકીય પક્ષો અનામત વિના ખૂબ ઓછી મહિલાઓને ઉમેદવાર બનાવે છે

**નવી દિલ્હી, તા. 18 (PTI):** એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના એક વિશ્લેષણ અનુસાર, ૨૦૨૩માં મહિલા અનામત અધિનિયમ પસાર થવા છતાં ભારતની ચૂંટણીના રાજકારણમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ હજુ પણ નોંધપાત્ર રીતે ઓછું છે. રાજકીય પક્ષો લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓમાં દર દસ ઉમેદવારોમાંથી માત્ર એક મહિલા ઉમેદવારને જ ટિકિટ આપી રહ્યા છે.

મહિલા અનામત બિલ, ૨૦૨૩ પછી ચૂંટણીમાં મહિલા ઉમેદવારો: પક્ષ દ્વારા ટિકિટ વિતરણનું વિશ્લેષણ” શીર્ષક ધરાવતા આ અહેવાલમાં મહિલા અનામત બિલ પસાર થયા પછી દેશભરમાં યોજાયેલી છેલ્લી લોકસભા અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભા ચૂંટણીમાં ભાગ લેનારા ૫૧,૭૦૮ ઉમેદવારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

...અનુસંધાન પાના 15 પર